રાજ્યમાં વધુ ૩૭૪ નવા કેસ : અમદાવાદમાં ૨૭૪ : ગાંધીનગરમાં ૦૩

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે અમને શીખવ

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૪ | ૪ મે, ૨૦૨૦, સોમવાર; વૈશાખ સુદ - ૧૧/૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં સંક્રમિતોમાં અવિરત વધારો

**દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪૦ હજારને પાર : ૨૪ કલાકમાં ૮૩ના મોત, ૨૬૪૪ નવા પોઝિટિવ કેસ : મૃત્યુઆંક વધીને ૧૩૦૦ને પાર: રાહતના સમાચાર: રિકવરી રેટ વધીને ૨૬.૬૫ ટકા થયો, ટેસ્ટનો આંકડો ૧૦ લાખને પાર, ૧૦ હજારથી વધુ દર્દી સાજા થયા**



ન્યુ દિલ્હી,તા.૩

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસને રોકવા સમગ્ર ભારત આજથી લોકડાઉન-૩માં પ્રવેશી ગયું છે. ૧૭મે સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે તેમ છતાં દેશમાં કોરોનાના કેસો સતત વધી રહ્યાં છે. છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન વિક્રમજનક રીતે ૮૩ લોકો કોરોનાથી માર્યા ગયા છે. બીજી તરફ કોરોનાને હરાવવા લડી રહેલાં કોરોના વોરિયર્સ જેમ કે ડોકટરો-નર્સો અને અન્ય પેરામેડિકલ સ્ટાફના સન્માન માટે દેસના એરફોર્સ દ્વારા કોરોના હોસ્પિટલ પર હેલિકોપ્ટરો દ્વારા પુષ્પવર્ષા કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના જોમ અને જુસ્સાને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના કુલ મામલા ૩૯૯૮૦ થઈ ગયા છે, જેમાં ૨૮૦૪૬ એક્ટિવ કેસ, ૧૩૦૧ લોકોના મોત અને ૧૦૬૩૨ લોકો ડિસ્ચાર્જ થઈ ગયા છે, રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલયે આ મમાહિતી આવી છે, ગત ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૨૬૪૪

● અનુસંધાન પાન-૭ પર

## સીઆરપીએફના હેડક્વાર્ટરમાં કોરોનાની એન્ટ્રી, બિલ્ડિંગ સીલ કરાઈ

ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વાયરસના પ્રકોપને કારણે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ)ની દિલ્હીમાં સ્થિત ઓફિસને સીલ કરવામાં આવી છે. સીઆરપીએફની બિલ્ડિંગમાં કામ કરનારા એક ડ્રાઈવર કોરોના પોઝિટિવ આવતા હેડક્વાર્ટરને સીલ કરવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું છે કે, આગામી આદેશ સુધી કોઈને પણ ઓફિસની અંદર જવાની પરવાનગી નથી. બિલ્ડિંગને સેનિટાઈઝ કરવા માટે બંધ કરવામાં આવી છે. ભારતમાં કોરોના વાયરસનો કેર સતત વધી રહ્યો છે. દેશમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધીને ૪૦,૦૦૦ને પાર પહોંચી ગઈ છે જ્યારે અત્યાર સુધી ૧,૩૦૧ લોકોએ જીવલેણ વાયરસને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. અગાઉ શનિવારે દિલ્હીના મયૂર વિહારમાં તહેનાત સીઆરપીએફના ૩૧ બટાલિયનમાં ૧૨૨ જવાનોને કોરોના થયો હોવાના એહવાલ પ્રાપ્ત થયા હતા.




## લોકપાલ સદસ્ય જસ્ટિસ અજય ત્રિપાઠીનું કોરોના સંક્રમણથી નિધન

ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વાઈરસથી સંક્રમિત લોકપાલના સદસ્ય જસ્ટિસ અજય કુમાર ત્રિપાઠીનું મોત નીપજ્યુ છે. જસ્ટિસ અજય કુમાર લોકપાલના ન્યાયિક સદસ્ય હતા. કોરોનાથી સંક્રમિત થયા બાદ દિલ્હીના એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં તેમની સારવાર ચાલી રહી હતી. શનિવાર રાતે ૯ વાગે હૃદય રોગનો હુમલો આવવાથી તેમનું નિધન થઈ ગયુ.

૬૨ વર્ષના જસ્ટિસ અજય કુમાર ત્રિપાઠી એપ્રિલ મહિનામાં કોરોના વાઈરસથી સંક્રમિત થઈ ગયા હતા. જે બાદ તેમની દિલ્હી ટ્રોમા સેન્ટરમાં સારવાર ચાલી રહી હતી. એપ્રિલના પહેલા સપ્તાહથી એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૫૨૦૮૮૯ | ૨૪૬૨૦૨ | ૯૭૨૨૧૨ |
| ભારત | ૪૧૨૬૬ | ૧૩૬૪ | ૧૧૪૩૯ |
| ગુજરાત | ૫૪૨૮ | ૨૯૦ | ૧૦૪૨ |
| ગાંધીનગર | ૭૦ | ૦૪ | ૧૪ |

## વિશ્વમાં કોરોનાના કેસોમાં ચિંતાજનક વધારો

**વિશ્વમાં કોરોના કેસોની સંખ્યા ૩૫ લાખથી વધુ : મૃતાંક વધીને ૨૪૫૨૪૧**

નવી દિલ્હી,તા.૩

દુનિયાભરમાં કોરોના વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઈ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની, રશિયા અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. કોરોના વાયરસે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૫૦૭૪૪૨ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૩૫ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૧૩૦૧૨૨ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૧૩૨૦૭૯ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૪૫૨૪૧ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૦૬૦૭ પર પહોંચી ચુકી છે. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિન અસરકારક સાબિત થઈ રહ્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- અમદાવાદ, વડોદરા અને સુરતમાં કોરોના બેકાબૂ થતાં કેન્દ્ર સરકારની ખાસ ટીમ સંકલન માટે આવી રહી છે.
- ગુજરાત કેન્સર સોસાયટીના ડાયરેક્ટર ડૉ. શશાંક પંડ્યાને સસ્પેન્ડ કરાયા. કે જેઓએ તેમના જ સ્ટાફના ૮થી ૧૦ કર્મચારીઓને કોરોના પોઝિટિવ હોવા છતાં બેડ કે રૂમની વ્યવસ્થા ૭ કલાક સુધી ન કરી આપી અને તેઓ અજ્ઞાત સ્થળે જતા રહ્યા હતા.
- રાજ્ય સરકારનું ૩૫૭૪ કરોડના વેરા એપ્રીલ મહિનામાં ઓછા મળ્યા છે. જેવા કે, વેટ, સ્ટેમ્પ ડ્યુટી, મોટર વ્હીકલ ટેક્સ અને જીએસટીનો સમાવેશ થાય છે.
- દેશના સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૨૨૨૬ |
| ગુજરાત | ૫૪૨૮ |
| દિલ્હી | ૪૧૨૨ |
| તામીલનાડુ | ૩૦૨૩ |
| મધ્યપ્રદેશ | ૨૮૩૭ |
| રાજસ્થાન | ૨૮૩૨ |
| ઉત્તરપ્રદેશ | ૨૬૨૬ |

## હંદવારામાં ભીષણ અથડામણમાં પાંચ જવાનો શહીદ

**અથડામણમાં બે આતંકવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હંદવારાની ભીષણ અથડામણમાં એલઇટી હૈદરનો ટોપ કમાન્ડર ઠાર મરાયો : કોરોનાના કહેરની વચ્ચે પણ ત્રાસવાદીઓ સતત ઘુસણખોરીના પ્રયાસમાં છે**



શ્રીનગર, તા. ૩

જમ્મુ-કાશ્મીરના હંદવાડા એન્કાઉન્ટરમાં સેનાના ૪ જવાન અને એક પોલીસ જવાન શહીદ થયા છે, એલઈટીના બે આતંકવાદીઓ પણ માર્યા ગયા છે. તેમાંથી એકની ઓળખ લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર હૈદર તરીકે થઈ છે. બીજા આતંકવાદીની ઓળખ હજી મળી નથી. જમ્મુ-કાશ્મીર પોલીસના કાશ્મીર રેન્જના આઈજી વિજય કુમારે તેની પુષ્ટિ કરી છે. આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરના હંદવારામાં એક મકાનમાં છુપાયેલા હતા. ઘણા લોકોને આતંકીઓએ ઘરમાં બંધક બનાવ્યા હતા. સૈન્યને માહિતી મળતાં રાષ્ટ્રીય રાઈફલ્સના કર્નલ આશુતોષ શર્મા, મેજર અનુજ સૂદ, નાયક રાજેશ અને લાન્સ નાઈક દિનેશ ગૃહમાં પ્રવેશ્યા. તેમની સાથે જમ્મુ-કાશ્મીર પોલીસના સબ ઈન્સ્પેક્ટર શકીલ કાઝી પણ હતા. આતંકવાદીઓ સાથેના લાંબા મુકાબલામાં કર્નલ સહિતના તમામ સૈનિકો શહીદ થયા હતા. તેમ છતાં તેમની શહાદત પહેલા નાગરિકોને બહાર કાઢ્યા હતા, તેઓએ જાતે જ દેશની બલિદાન આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## હંદવારાના વીર શહીદોને મોદી દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ

**તેમની બહાદુરીને દેશ ક્યારે નહીં ભુલે : ઘરમાં ઘુસીને આતંકવાદીઓએ લોકોને બંધ બનાવ્યા હતા : મોદી**

નવી દિલ્હી, તા. ૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરના હંદવારામાં એન્કાઉન્ટરમાં શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું હતું કે સૈનિકોની બહાદુરી અને બલિદાન રાષ્ટ્ર ક્યારેય ભૂલી શકશે નહીં. પીએમ મોદીએ પોતાના અંગત ખાતામાંથી એક ટ્વિટમાં જણાવ્યું હતું કે, હંદવાડામાં માર્યા ગયેલા આપણા સૈનિકો અને સુરક્ષા દળોને સલામ. તેમના બહાદુરી અને બલિદાનને ક્યારેય ભૂલશો નહીં. તેઓએ આપણા નાગરિકોની રક્ષા માટે રાષ્ટ્રને સમર્પિત કર્યું છે. અખંડ સેવા આપી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે સૈનિકોની શહાદતનો શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે સૈનિકોએ આતંકવાદીઓ સામે લડવામાં હિંમતનો દાખલો બેસાડ્યો છે અને તેમની બહાદુરી અને સંઘર્ષ હંમેશા યાદ રહેશે. સિંહે પોતાના ટ્વિટમાં કહ્યું કે, હંદવારામાં અમારા સૈનિકો અને સુરક્ષા જવાનોની ખોટ અત્યંત વ્યથિત અને દુખદાયક છે. તેઓએ આતંકવાદીઓ વિરુદ્ધ નિર્દય હિંમત દર્શાવી અને દેશની સેવામાં મોટો બલિદાન આપ્યું.

● અનુસંધાન પાન-૭ પર

## બિહારી વિદ્યાર્થીઓને લઈ કોટાથી ખાસ ટ્રેન રવાના કરાઈ : સ્પેશિયલ ટ્રેન રોકાણ વગર લક્ષ્ય પર પહોંચશે

નવી દિલ્હી, તા. ૩

લોકડાઉનને કારણે, રાજસ્થાનના કોટામાં ફસાયેલા બિહારના ૧,૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આખરે રવિવારે એક ખાસ ટ્રેનમાં ગૃહ રાજ્ય માટે રવાના થયા હતા. કોટામાં હજી ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ફસાયેલા છે. આજે, બપોરે ૧૨ વાગ્યાની આસપાસ બિહાર માટે રવાના થયેલા સ્પેશિયલ ટ્રેનના ૨૪ કોચમાં ૧,૨૧૧ વિદ્યાર્થીઓ બેઠા હતા, જે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ કોટાથી બેગુસરાય માટે રવાના થયા હતા રેલ્વે અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્પેશિયલ ટ્રેન બંધ કર્યા વિના તેના લક્ષ્ય પર પહોંચશે. ટ્રેનની વચ્ચે કોઈ સ્ટોપેજ નથી.

તેમણે જણાવ્યું હતું કે ગયા ઝોનના વિદ્યાર્થીઓની બીજી બેચના વિદ્યાર્થીઓ માટે બીજી ખાસ ટ્રેન રવિવારે રાત્રે કોટાથી રવાના થશે. તે જ સમયે, કોટાની એક કોચિંગ સંસ્થાના સભ્ય પ્રમોદ મેવાડાએ જણાવ્યું હતું કે, કોટા વહીવટી તંત્રે વિદ્યાર્થીઓને તેમના મોબાઈલ ફોન પર એક સંદેશ દ્વારા માહિતી આપી હતી. મોબાઈલ ફોન પર મેસેજ મેળવનારા જ વિદ્યાર્થીઓ ખાસ ટ્રેન માટે રેલ્વે સ્ટેશન પર પ્રવેશ મેળવે છે. તમને જણાવી દઈએ કે, ૨૫ માર્ચે લોકડાઉન શરૂ થયું હોવાથી બિહારના વિવિધ જિલ્લાના ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ ક્વોટામાં અટવાઈ ગયા હતા.

## દેશના અનેક વિસ્તારમાં વાતાવરણમાં પલટો : દિલ્હી-એનસીઆરમાં વરસાદ

ન્યુ દિલ્હી,તા.૩

દિલ્હી-એનસીઆર સહિત દેશના અનેક રાજ્યોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. દિલ્હીના અનેક વિસ્તારોમાં રવિવારે સવારે પવન સાથે વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે દિલ્હી-એનસીઆરમાં ગરમીથી થોડી રાહત મળી છે.

હવામાન વિભાગે પહેલા ૪-૫ મે ના રોજ વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગે એલર્ટ જાહેર કરીને કહ્યું, હવાની સ્પીડ ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક રહી શકે છે.

હવામાન એજન્સી સ્કાઈમેટે શનિવારે આગામી દેશના પૂર્વ અને ઉત્તર હિસ્સામાં વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી. સ્કાઈમેટ મુજબ પૂર્વોત્તર ભારત, પશ્ચિમ બંગાળ, બિહારનો પૂર્વ ભાગ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર પંજાબમાં વરસાદની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, કેરળ, કર્ણાટક, તેલંગાણા અને છત્તીસગઢના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.